## સ્નાત્ર પૂજા

(પ્રથમ કળશ લઈ ઊભા રહેવું)

**કાવ્યં (દ્રુતવિલંબિત વૃત્તમ્)**

સરસશાન્તિ સુધારસસાગરં, શુચિતરં ગુણરત્નમહાગરં
ભવિકપંકજબોધદિવાકરં, પ્રતિદિનં પ્રણમામિ જિનેશ્વરં. ૧

દુહા
કુસુમાભરણ ઉતારીને, પડિમાધરિય વિવેક,
મજ્જનપીઠે થાપીને, કરીએ જળ અભિષેક. ૨

(અહીં જમણે અંગૂઠે પખાળ કરી. અંગલૂછણાં, પૂજા કરી કુસુમાંજલિની થાળી લઈ ઊભા રહેવું.)

ગાથા
જિન જન્મ સમયે મેરુ સિહરે, રયણ-કણય-કલસેહિં
દેવાસુરેહિંણ્હવિઓ, તે ધન્નાજેહિંદિટ્ઠોસિ. ૩

(જ્યાં જ્યાં ''કુસુમાંજલિ મેલો'' આવે ત્યાં ત્યાં પ્રભુના જમણે અંગૂઠે કુસુમાંજલિ મૂકવી.)

**કુસુમાંજલિ-ઢાળ**

નમોઽર્હત્ સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ
નિર્મળ જળકળશે ન્હવરાવે, વસ્ત્ર અમૂલક અંગ ધરાવે
કુસુમાંજલિ મેલો આદિ જિણંદા, સિદ્ધસ્વરૂપી અંગ પખાલી,
આતમ નિર્મલ હુઈ સુકુમાલી. (પ્રભુના જમણા અંગૂઠે કુસુમાંજલિ મૂકવી.) ૪

ગાથા
મચકુંદચંપ માલઈ, કમલાઈપુપ્ફ પંચવણ્ણાઈ,
જગન્નાહન્હવણ સમયે, દેવા કુસુમાંજલિદિંતિ. ૫

**કુમાંજલિ-ઢાળ**

રયણ-સિંહાસન જિન થાપીજે, કુસુમાંજલિ પ્રભુ ચરણે દીજે
કુસુમાંજલિ મેલો શાન્તિ જિણંદા. ૬

દુહા
જિણતિહું કાલયસિદ્ધની, પડીમા ગુણભંડાર,
તસુચરણે કુસુમાંજલિ, ભવિક દુરિત હરનાર. ૭

**કુમાંજલિ-ઢાળ**

નમોઽર્હત્ સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ
કૃષ્ણાગરુ વર ધૂપ ધરીજે, સુગંધકર કુસુમાંજલિ દીજે,
કુસુમાંજલિ મેલો નેમિ જિણંદા. ૮



ગાથા
જસુ પરિમલ બલ દહ દિસિ, મહુકર ઝંકાર સદ્દ સંગીયા
જિણ ચલણોવરિ મુક્કા, સુરનર કુસુમાંજલિ સિદ્ધા. ૯

**કુસુમાંજલિ-ઢાળ**

નમોઽર્હતસિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ
પાસ જિણેસર જગ જયકારી, જલથલ ફૂલ ઉદક કરધારી,
કુસુમાંજલિ મેલો પાર્શ્વજિણંદા ૧૦.

દુહા
મૂકે કુસુમાંજલિ સુરા, વીર ચરણ સુકુમાલ,
તે કુસુમાંજલિ ભવિકનાં, પાપ હરે ત્રણ કાલ. ૧૧

**કુસુમાંજલિ-ઢાળ**

નમોઽર્હત્ સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ
વિવિધ કુસુમ વર જાતિ ગહેવી, જિન ચરણે પણમંત ઠવેવી,
કુસુમાંજલિ મેલો વીર જિણંદા ૧૨

વસ્તુ છંદ
ન્હવણકાલે ન્હવણકાલે, દેવદાણવસમુચ્ચિય,
કુસુમાંજલિ તહિ સંઠવિય, પસરંતદિસિ પરિમલ સુગંધિય
જિણપયકમલે નિવડેઈ વિગ્ધહર જસ નામ મંતો,
અનંત ચઉવીસ જિન, વાસવ મલીય અશેસ.
સા કુસુમાંજલિ સુહકરો, ચઉવિહ સંઘ વિશેષ.
કુસુમાંજલિ મેલો ચઉવીસ જિણંદા. ૧૩

**કુસુમાંજલિ-ઢાળ**

નમોઽર્હત્ સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ
અનંત ચઉવીસી જિનજી જુહારુ, વર્તમાન ચઉવીસી સંભારુ,
કુસુમાંજલિ મેલો ચોવીસ જિણંદા. ૧૪

દુહા
મહાવિદેહે સંપ્રતિ, વિરહમાન જિન વીસ
ભક્તિ ભરે તે પૂજીયા, કરો સંઘ સુજગીશ. ૧૫

**કુસુમાંજલિ-ઢાળ**

નમોઽર્હત્ સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ
અપચ્છરમંડલી ગીત ઉચ્ચારા, શ્રી શુભવીરવિજય જયકારા
કુસુમાંજલિ મેલો સર્વ જિણંદા. ૧૬

(પછી બધા સ્નાત્રિઓએ પ્રભુના જમણા અંગૂઠે કુસુમાંજલિ મૂકવી.)

પછી શ્રી શત્રુંજયના નીચેના દુહા બોલતાં બોલતાં સિંહાસનની ત્રણ પ્રદક્ષિણા ફરતાં ફરતાં પ્રભુસન્મુખ ત્રણ ખમાસમણાં દઈ જગચિંતામણિ ચૈત્યવંદન શરૂ કરવું.

એ કે કું ડગલું ભરે, શેત્રુંજય સમો જેહ,
રીખવ કહે ભવ ક્રોડનાં, કર્મ ખપાવે તેહ. ૧.
શેત્રુંજય સમો તીરથ નહિ, રીખવ સમો નહિ દેવ,
ગૌતમ સરિખા ગુરુ નહિ, વળી વળી વંદુ તેહ. ૨.
સિદ્ધાચલ સમરુ સદા, સોરઠ દેશ મોઝાર,
મનુષ્યજન્મ પામી કરી, વંદુ વાર હજાર. ૩.

**ઇચ્છામિ ખમાસમણો, વંદિઉં જાવણિજ્જાએ નિસીહિઆએ મત્થએણ વંદામિ.**

(એમ ત્રણ વાર ખમાસમણાં દેવા.)

## ૧. જગચિંતામણિનું ચૈત્યવંદન

ઇચ્છાકારણે સંદિસહ ભગવન્, ચૈત્યવંદન કરું ઇચ્છં. જગચિંતામણિ જગનાહ, જગગુરુ જગરખ્ખણ, જગબંધવ જગસત્થવાહ જગભાવવિઅક્ખણ, અઠ્ઠાવયસંઠવિઅ રૂવ કમ્મટ્ઠ વિણાસણ, ચઉવીસંપિ જિણવર જયંતુ, અપ્પડિહયસાસણ. ૧

કમ્મભૂમિહિં, કમ્મભૂમિહિં પઢમસંઘયણિ, ઉક્કોસય સત્તરિસય, જિણવરાણ વિહરંત લબ્ભઇ, નવકોડિહિં કેવલિણ, કોડિસહસ્સનવ સાહુ ગમ્મઈ, સંપઈ જિણવર વીસમુણિ બિહુંકોડિહિં વરનાણ, સમણહ, કોડિસહસ્સદુઅ, થુણિજ્જઈ નિચ્ચ વિહાણિ. ૨

જયઉસામિય જયઉસામિય, રિસહસત્તુંજિ, ઉજ્જિંતિ પહુ નેમિજિણ, જયઉ વીર સચ્ચ ઉરિ, મંડણ, ભરૂઅચ્છહિં મુણિસુવ્વય મુહરિ પાસ દુહ-દુરિઅ ખંડણ, અવર-વિદેહિં તિત્થયરા, ચિહુંદિસિ વિદિસિ જિં કેવિ તિઆણાગય-સંપઈઅ વંદૂ જિણ સવ્વેવિ. ૩

સત્તાણવઈ સહસ્સા લખ્ખા છપ્પન્ન અઠ્ઠ-કોડિયો, બત્તિસસય બાસિઆઈ, તિઅલોએ ચેઈએ વંદે, પનરસ કોડિ સયાઈ કોડિ બાયાલ લખ્ખઅડવન્ના, છત્તીસ સહસ અસિઈં, સાસયબિંબાઈ પણમામિ. ૪



## ૨. જંકિંચિ

જંકિંચિ નામ તિત્થં, સગ્ગે પાયાલિ માણુસે લોએ,
જાઈ જિણબિંબાઈ, તાઈ સવ્વાઈ વંદામિ.

પછી બે હાથ જોડીને.

## ૩. નમુત્થુણં

નમુત્થુણં અરિહંતાણં, ભગવંતાણં, ૧. આઇગરાણં, તિત્થયરાણં સયંસંબુદ્ધાણં, ૨. પુરિસુત્તમાણં, પુરિસસીહાણં, પુરિસવર પુંડરીઆણં, પુરિસવરગંધહત્થીણં, ૩. લોગુત્તમાણં, લોગનાહાણં, લોગહિઆણં, લોગપઈવાણં, લોગપજ્જોઅગરાણં, ૪. અભયદયાણં, ચખ્ખુદયાણં, મગ્ગદયાણં, સરણદયાણં, બોહિદયાણં, ૫. ધમ્મદયાણં, ધમ્મદેસયાણં, ધમ્મનાયગાણં, ધમ્મસારહીણં, ધમ્મવરચાઉરંતચક્કવટ્ટીણં, ૬. અપ્પડિહયવરનાણ દંસણધરાણં, વિઅટ્ટછઉમાણં, ૭. જિણાણં જાવયાણં, તિન્નાણં તારયાણં, બુદ્ધાણં બોહયાણં, મુત્તાણં મોઅગાણં. ૮. સવ્વનૂણં, સવ્વદરિસીણં, સિવમયલ-મરુઅમણંતમક્ખય-મવ્વાબાહ-મપુણરાવિત્તિ-સિદ્ધિગઈ-નામધેયં ઠાણં સંપત્તાણં, નમો જિણાણં જિઅભયાણં. ૯. જેઅ અઈયા સિદ્ધા, જેઅ ભવિસ્સંતિ-ણાગયે કાલે, સંપઈઅવટ્ટમાણા, સવ્વે તિવિહેણ વંદામિ. ૧૦

## ૪. જાવંતિ ચેઈઆઈ

જાવંતિ ચેઈઆઈ ઉઢ્ઢેઅ અહેઅ, તિરિઅ લોએઅ,
સવ્વાઈ, તાઈ વંદે ઇહ સંતો તત્થ સંતાઈ.
ઈચ્છામિ ખમાસમણો વંદિઉં જાવણિજ્જાએ, નિસીહિઆએ, મત્થએણ વંદામિ.

## ૫. જાવંત કેવિ સાહુ

જાવંત કેવિ સાહુ, ભરહેરવય મહાવિદેહેઅ,
સવ્વેસિંતેસિંપણઓ, તિવિહેણ તિદંડવિરયાણં
નમોઽર્હત્ સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ

## ૬. ઉવસગ્ગહરં

ઉવસગ્ગ-હરં પાસં પાસં વંદામિ, કમ્મ-ઘણ-મુક્કં,
વિસહર-વિસ-નિન્નાસં મંગલ કલ્લાણ આવાસં. ૧
વિસહર-ફુલિંગ મંતં, કંઠે ધારેઈ જો સયા મણુઓ,
તસ્સ ગહ-રોગ મારી, દુઠ્ઠ જરા જંતિ ઉવસામં. ૨

ચિઠઉ દૂરે મંતો, તુજઝ પણામો વિ બહુફલો હોઈ,
નર તિરિએસુ વિ જીવાપાવંતિ ન દુખ્ખ દોગચ્ચં.૩
તુહ સમ્મત્તે લદ્ધે, ચિંતામણિ કપ્પપાય વબ્ભહિએ,
પાવંતિ અવિગ્ઘેણં, જીવા અયરામરં ઠાણં.૪
ઈઅસંથુઓ મહાયસ ! ભત્તિબ્ભર નિબ્ભરેણ હિયએણ,
તા દેવ ! દિજ્જ બોહિં, ભવે ભવે પાસ જિણ ચંદ.૫
(પછી લલાટ સુધી હાથ જોડી)

### ૭. જયવીયરાય

જય વીયરાય જગગુરૂ, હોઉ મમં તુહ પભાવઓ ભયવં ભવનિવ્વેઓ મગ્ગાણુસારિયા ઈઠફલ સિદ્ધિ.

લોગવિરુદ્ધચ્ચાઓ ગુરુજણપુઆ પરત્થકરણંચ, સુહ-ગુરુ-જોગો, તવ્વયણ-સેવણા આભવ મખંડા.

(હાથ નીચા ઉતારી નાસિકા સુધી રાખવા)

વારિજ્જઈ જઈ વિ નિયાણ-બંધણં વીયરાય ! તુહ સમએ, તહવિ મમ હુજ્જ સેવા, ભવે ભવે તુમ્હ ચલણાણં.

દુક્ખખઓ કમ્મકખઓ, સમાહિમરણં ચ બોહિલાભોઅ. સંપજ્જઉ મહ એ-અં, તુહ નાહ પણામકરણે-ણં.

સર્વ મંગલ માંગલ્યં, સર્વ કલ્યાણકારણં
પ્રધાનં સર્વધર્માણાં, જૈનં જયતિ શાસનમ્. ૫
(પછી સ્નાત્રિયાઓએ હાથ ધૂપી હાથમાં કળશ લઈ મુખકોશ બાંધી ઊભા રહેવું.)

દુહા
સયલ જિણેસર પાય નમી, કલ્યાણક વિધિ તાસ,
વર્ણવતાં સુણતાં થકાં, સંઘની પૂગે આશ. ૧

(ઢાળ)

સમકિત ગુણઠાણે પરિણમ્યા, વળી વ્રતધર સંયમસુખ રમ્યા,
વીશસ્થાનક વિધિએ તપ કરી, એસી ભાવ દયા દિલમાં ધરી. ૧
જો હોવે મુજ શકિત ઈસી, સવિ જીવ કરું શાસનરસી,
શુચિરસ ઢલતે તિહાં બાંધતાં, તીર્થંકર નામ નિકાચતાં. ૨
સરાગથી સંયમ આચરી, વચમાં એક દેવનો ભવ કરી,
ચ્યવી પન્નર ક્ષેત્રે અવતરે, મધ્ય ખંડે પણ રાજવી કુલે. ૩
પટરાણી કૂખે ગુણનીલો, જેમ માનસરોવર હંસલો,
સુખ શય્યાએ રજની શેષે, ઊતરતાં ચૌદ સુપન દેખે. ૪



### ઢાળ-ચૌદ સ્વપ્નની

પહેલે ગજવર દીઠો, બીજે વૃષભ પઈઠો,
ત્રીજે કેસરી સિંહ, ચોથે લક્ષ્મી અબીહ. ૧
પાંચમે ફૂલની માળા, છઠ્ઠે ચન્દ્ર વિશાળા,
રવિ રાતો ધ્વજ મ્હોટો, પૂરણ કળશ નહિ છોટો. ૨
દશમે પદ્મ સરોવર, અગિયારમે રત્નાકર,
ભુવન વિમાન રત્નગંજી, અગ્નિશિખા ધુમવર્જિ. ૩
સ્વપ્ન લહી જઈ રાયને ભાખે, રાજા અર્થ પ્રકાશે,
પુત્ર તીર્થંકર ત્રિભુવન નમશે, સકલ મનોરથ ફળશે. ૪

### વસ્તુ-છંદ

અવધિ નાણે અવધિ નાણે, ઉપના જિનરાજ,
જગતજસ પરમાણુઆ, વીસ્તર્યાવિશ્વજંતુસુખકાર.
મિથ્યાત્વ તારા નિર્બળા, ધર્મ ઉદય પરભાતસુંદર,
માતા પણ આણંદિયા, જાગતી ધર્મ વિધાન,
જાણંતી જગતિલક સમો હોશે પુત્ર પ્રધાન. ૧

### દોહા

શુભ લગ્ને જિન જનમીયા, નારકીમાં સુખ જ્યોત,
સુખ પામ્યા ત્રિભુવન જના, હુઓ જગત ઉદ્યોત.

### ઢાળ-કડખાની દેશી

સાંભળો કળશ જિન-મહોત્સવનો ઈહાં,
છપ્પન કુમરી દિશી વિદિશી આવે તિહાં,
માય સુત નમીયે, આનંદ અધિકો ધરે.
અષ્ટ સંવર્ત્ત વાયુથી કચરો હરે. ૧

વૃષ્ટિ ગંધોદકે, અષ્ટ કુમરી કરે,
અષ્ટ કલશા ભરી, અષ્ટ દર્પણ ધરે,
અષ્ટ ચામર ધરે, અષ્ટ પંખા લહી,
ચાર રક્ષા કરી, ચાર દીપક ગ્રહી. ૨

ઘર કરી કેળનાં; માય સુત લાવતી,
કરણ શુચિકર્મ જળ-કળશે ન્હવરાવતી,
કુસુમ પૂજી, અલંકાર પહેરાવતી,

રાખડી બાંધી જઈ, શયન પધરાવતી. ૩

નમીય કહે માય તુજ બાળ લીલાવતી,
મેરુ રવિ ચન્દ્ર લગે, જીવજો જગપતિ,
સ્વામી ગુણ ગાવતી, નિજ ઘર જાવતી,
તેણે સમે ઈન્દ્રસિંહાસન કંપતી. ૪

**ઢાળ-એકવીશાની દેશી**

જિન જન્મ્યાજી, જિન વેળા જનની ઘરે,
તિણ વેળાજી, ઈન્દ્રસિંહાસન થરહરે,
દાહિણોત્તરજી, જોતા જિન જનમે યદા,
દિશિનાયકજી, સોહમ ઈશાન બિહું તદા. ૧

**ત્રોટક છંદ**

તદા ચિંતે ઈન્દ્ર મનમાં, કોણ અવસર એ બન્યો,
જિનજન્મ અવધિનાણે જાણી હર્ષ આનંદ ઊપન્યો. ૧
સુઘોષ આદે ઘંટનાદે, ઘોષણા સુર મેં કરે,
સવિ દેવીદેવા જન્મમહોત્સવે આવજો સુરગિરિવરે. ૨
(અહીં ઘંટ વગાડવો)

**ઢાળ-પૂર્વલી**

એમ સાંભળીજી, સુરવર કોડી આવી મળે,
જન્મ મહોત્સવજી, કરવા મેરુ ઉપર ચલે,
સોહમપતિજી, બહુ પરિવારે આવિયા.
માય જિનનેજી, વાંદી પ્રભુને વધાવિયા
(અહીં પ્રભુને ચોખાથી વધાવવા)

**ત્રોટક**

વધાવી બોલે રત્નકુક્ષી, ધારિણી, તુજ સુતતણો,
હું શક્ર સોહમ નામે કરશું જન્મ મહોત્સવ અતિ ઘણો,
એમ કહી જિન પ્રતિબિંબ થાપી પંચરૂપે પ્રભુ ગ્રહી,
દેવદેવી નાચે હર્ષ સાથે, સુરગિરિ આવ્યા વહી.

**ઢાળ-પૂર્વલી**

મેરુ ઉપરજી, પાંડુક-વનમેં ચિહું દિશિ,
શિલા ઉપરજી, સિંહાસન મન ઉલ્લસે,



તિહાં બેસીજી, શક્રે જિન ખોળે ધર્યા,
હરિ ત્રેસઠજી, બીજા તિંહા આવી મળ્યા.

**ત્રોટક**

મળ્યા ચોસઠ સુરપતિ તિહાં, કરે કળશ અડ જાતિના,
માગધાદિ જળ તીર્થ ઔષધિ. ધૂપ વળી બહુ ભાતિના,
અચ્યુતપતિએ હુકમ કીનો, સાંભળો દેવા સર્વે,
ક્ષીરજલધિગંગાનીર લાવો ઝટિતિ જિનજન્મ મહોત્સવે.

**ઢાળ-વિવાહલાની દેશી**

સુર સાંભળીને સંચરિયા, માગધ વરદામે ચલિયા,
પદ્મદ્રહ ગંગા આવે, નિર્મલ જળકળશા ભરાવે. ૧
તીરથ જળ ઔષધિ લેતાં, વળી ખીરસમુદ્રે જાતા,
જળકળશા બહુલ ભરાવે, ફૂલ ચંગેરી થાળા લાવે. ૨
સિંહાસન ચામર ધારી, ધૂપધાણાં રકેબી સારી,
સિદ્ધાંતે ભાખ્યા જેહ, ઉપકરણ મિલાવે તેહ. ૩
તે દેવા સુરગિરિ આવે, પ્રભુ દેખી આનંદ પાવે,
કળશાદિક સહુ તિહાં ઠાવે, ભકતે પ્રભુના ગુણ ગાવે. ૪

**ઢાળ-રાગ ધનાસરી**

આતમભકિત મળ્યા કોઈ દેવા, કેતા મિત્તનું જાઈ,
નારી પ્રેર્યા વળી નિજ કુલવટ, ધર્મી ધર્મસખાઈ,
જોઈસ વ્યંતર ભુવનપતિના વૈમાનિક સુર આવે.
અચ્યુતપતિ હુકમે ધરી કળશા, અરિહાને નવરાવે. આ.૧
અડજાતિ કળશા પ્રત્યેકે, આઠ આઠ સહસ પ્રમાણો,
ચઉસઠ સહસ હુઆ અભિષેકે, અઢીસેં ગુણા કરી જાણો,
સાઠ લાખ ઉપર એક કોડી, કળશાનો અધિકાર,
બાસઠ ઈન્દ્ર તણા તિહાં બાસઠ લોકપાલના ચાર. આ.૨
ચન્દ્રની પંકિત છાસઠ છાસઠ, રવિશ્રેણી નરલોકો,
ગુરુસ્થાનક સુરકેરો એક જ, સામાનિકનો એકો,
સોહમપતિ ઈશાનપતિની, ઈન્દ્રાણીના સોળ,
અસુરની દશ ઈન્દ્રાણી, નાગની બાર કરે કલ્લોલ. આ.૩
જ્યોતિષ વ્યંતર ઈન્દ્રની ચઉ ચઉ, પર્ષદા ત્રણનો એકો,

કટકપતિ અંગરક્ષક કેરો, એક એક સુવિવેકો,
પરચૂરણ સુરનો એક છેલ્લો, એ અઢીસેં અભિષેકો,
ઈશાન ઈન્દ્ર કહે મુજ આપો, પ્રભુને ક્ષણ અતિરેકો. આ.૪
તવ તસ ખોળે ઠવી અરિહાને, સોહમપતિ મનરંગે,
વૃષભ રૂપ કરી શૃંગ જળે ભરી, ન્હવણ કરે પ્રભુઅંગે,
પુષ્પાદિક પૂજીને છાંટે, કરી કેસર રંગ રોળે,
મંગળ દીવો આરતી કરતાં, સુરવર જય જય બોલે. આ.૫
ભેરી ભુંગલ તાલ બજાવત, વળિયા જિનકર ધારી,
જનની ઘર માતાને સોંપી એણી પેરે વચન ઉચ્ચારી,
પુત્ર તમારો, સ્વામી હમારો, અમ સેવક આધાર,
પંચ ધાવી-રંભાદિક થાપી, પ્રભુ ખેલાવણ હાર. આ.૬
બત્રીસ કોડી કનક મણિ માણિક, વસ્ત્રની વૃષ્ટિ કરાવે,
પૂરણ હર્ષ કરેવા કારણ, દ્વીપ નંદીસર જાવે,
કરીય અઠ્ઠાઈ ઉત્સવ દેવા, નિજ નિજ કલ્પ સધાવે,
દીક્ષા કેવલને અભિલાષે, નિત નિત જિન ગુણ ગાવે. આ.૭
તપગચ્છ-ઈસર સિંહસૂરીશ્વર, કેરા શિષ્ય વડેરા,
સત્યવિજય પંન્યાસતણે પદ, કપૂરવિજય ગંભીરા,
ખિમાવિજય તસ સુજસવિજયના, શ્રી શુભવિજય સવાયા,
પંડિત વીરવિજય તસ શિષ્યે જિન જન્મમહોત્સવ ગાયા. આ.૮
ઉત્કૃષ્ટા એકસો ને સિત્તેર, સંપ્રતિ વિચરે વીશ,
અતીત અનાગત કાલે અનંતા, તીર્થંકર જગદીશ,
સાધારણ એ કળશ જે ગાવે શ્રીશુભવીર સવાઈ,
મંગળલીલા સુખભર પાવે, ઘર ઘર, હર્ષ વધાઈ. આ.૯

અહીં પ્રભુને ચોખાથી વધાવવા.

(અહીં કળશથી અભિષેક કરી પંચામૃતનો પ્રક્ષાલ કરવો. પછી પૂજા કરી, પુષ્પ ચડાવી, ધૂપ, પૂજા, અક્ષત પૂજા, નૈવેદ્ય પૂજા તથા ફૂલ પૂજા એમ અષ્ટ પ્રકારી પૂજા કરવી. લૂણ ઉતારી આરતી તથા મંગળ દીવો ઉતારવો. ત્યારબાદ શાંતિકળશ કરી મોટું ચૈત્યવંદન કરવું.)

અભિષેકપૂજા વખતે : (માલકોષ રાગમાં) મેરુ શિખર પે અભિષેક હોવેરે, જીસે સકલ દેવતા જુએ રે ઢોલક બાજે, શહનાઈ બાજે, દેવ દેવી સબ મિલ કે નાચે ઋષભ રૂપ ધરી ઈશાન ઈન્દ્ર પ્રભુજીને નવરાવે...

## અષ્ટપ્રકારી પૂજાના દુહા

નોંધ : દરેક દુહાની શરૂઆતમાં પુરુષોએ
નમોઽર્હત્ સિદ્ધાચાર્યોપાધ્યાય સર્વસાધુભ્યઃ બોલવું.

૧. જળપૂજા :

જળપૂજા જુગતે કરો, મેલ અનાદિ વિનાશ,
જળપૂજા-ફળ મુજ હજો, માંગો એમ પ્રભુ-પાસ.
ૐ હ્રીં શ્રી પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મ-જરા-મૃત્યુ
નિવારણાય શ્રીમતે જિનેન્દ્રાય જલં યજામહે સ્વાહા.

**દૂધનો અભિષેક કરતી વખતે બોલવું**

## મેરૂ શિખર નવરાવે...

મેરૂ શિખર નવરાવે હો સુરપતિ, મેરૂશિખર નવરાવે
જન્મકાળ જિનવરજીકો જાણી, પંચરૂપ કરી આવે.

લાવે લાવે મોતીશા શેઠ નવણજળ લાવે રે
નવરાવે મરૂદેવા નંદ પ્રભુને નવરાવે રે

એણી પરે જિન પ્રતિમા કો નવણ કરી
બોધિ બીજ માનું ભાવે હો સુરપતિ...

રત્નપ્રમુખ અડ જાતિના કળશા ઔષધિ ચૂરણ મિલાવે
ખીરસમુદ્ર તીર્થોદક આણી, સ્નાત્ર કરી ગુણ ગાવે, હો સુરપતિ
અનુક્રમે ગુણ રત્નાકર ફરસી, જિન ઉત્તમપદ પાવે હો સુરપતિ...

**પાણીનો અભિષેક કરતી વખતે બોલવું**

જ્ઞાન કલશ ભરી આતમા, સમતા રસ ભરપૂર,
શ્રી જિનને નવરાવતા, કર્મ થાયે ચકચૂર.



૨. ચંદનપૂજા :

શીતલ ગુણ જેમાં રહ્યો, શીતલ પ્રભુ મુખ રંગ
આત્મ શીતલ કરવા ભણી, પૂજો અરિહા અંગ.
ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય...ચંદનં યજામહે સ્વાહા.

**ચંદનપૂજા કરતી વખતે બોલવાના નવ અંગના દુહા**

(૧) અંગૂઠે : જળ ભરી સંપુટ પત્રમાં, યુગલીક નરપૂજંત,
ઋષભ ચરણ અંગૂઠડે, દાયક ભવજલ અંત.

(૨) ઘૂંટણે : જાનુ બળે કાઉસગ્ગ રહ્યા, વિચર્યા દેશ-વિદેશ,
ખડા ખડા કેવલ લહ્યું, પૂજો જાનુ નરેશ.

(૩) કાંડે : લોકાંતિક વચને કરી, વરસ્યા વરસી-દાન,
કરકાંડે પ્રભુ પૂજના, પૂજો ભવિ બહુમાન.

(૪) ખભે : માન ગયું દોય અંશથી, દેખી વીર્ય અનંત,
ભુજા-બળે ભવ-જલ તર્યા પૂજો ખંધ મહંત.

(૫) મસ્તકે : સિદ્ધશિલા ગુણ ઊજળી, લોકાંતે ભગવંત,
વસિયા તેણે કારણ ભવિ ! શિર શિખા પૂજંત.

(૬) કપાળે : તીર્થંકર-પદ-પુણ્યથી, ત્રિભુવન-જન-સેવંત,
ત્રિભુવન તિલક સમા પ્રભુ, ભાલ તિલક જયવંત.

(૭) ગળે : સોળ પ્રહર પ્રભુ દેશના, કંઠે વિવર વર્તુલ,
મધુર-ધ્વનિ સુર-નર સુણે, તિણે ગળે તિલક અમૂલ.

(૮) હૃદયે : હૃદયકમળ ઉપશમ-બળે, બાળ્યા રાગ ને રોષ.
હિમ દહે વન-ખંડને, હૃદય તિલક સંતોષ.

(૯) નાભિએ: રત્નત્રયી ગુણ ઊજળી, સકળ સુગુણ વિશ્રામ,
નાભિ કમળની પૂજના, કરતા અવિચળ ધામ.

**ઉપસંહાર** : ઉપદેશક નવતત્ત્વના, તિણે નવ અંગ જિણંદ
પૂજો બહુવિધ રાગશું કહે શુભવીર મુણીંદ.

૩.પુષ્પપૂજા : સુરભિ અખંડ કુસુમ ગ્રહી, પૂજો ગતસંતાપ,
સુમ જંતુ ભવ્ય જ પરે, કરીએ સમકિત-છાપ.
ૐ હ્રીં શ્રીં પરમ પુરુષાય...પુષ્પં યજામહે સ્વાહા.

૪. ધૂપપૂજા : ધ્યાન ઘટા પ્રગટાવીએ, વામ નયન જિન ધૂપ;
મિચ્છત દુર્ગંધ દૂર ટળે, પ્રગટે આત્મસ્વરૂપ
ૐ હ્રીં શ્રીં પરમ પુરુષાય...ધૂપં યજામહે સ્વાહા.

### ધૂપપૂજા કરતાં બોલવું

અમે ધૂપની પૂજા કરીએ રે, ઓ મનમાન્યા મોહનજી !
પ્રભુ ! ધૂપ ઘટા અનુસરીએ રે, ઓ મનમાન્યા મોહનજી !
પ્રભુ ! નહિં કોઈ તમારી તોલે રે, ઓ મનમાન્યા મોહનજી !
પ્રભુ ! અંતે શરણ તમારું રે, ઓ મનમાન્યા મોહનજી !

૫. દીપકપૂજા : દ્રવ્ય-દીપક સુવિવેકથી, કરતાં દુઃખ હોય ફોક,
ભાવ-પ્રદીપ પ્રગટ હુએ, ભાષિત લોકાલોક.
ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય...દીપં યજામહે સ્વાહા.

### દીપક-પૂજા કરતાં બોલવું

શ્રદ્ધાના દીવડાને જલતો તું રાખજે,
નિશદિન સ્નેહ કેરું તેલ એમાં પૂરજે,
મનના મંદિરે જોજે અંધારું થાય ના,
ઝાંખો ઝાંખો દીવો મારો જોજે રે બુઝાય ના.

૬. અક્ષતપૂજા : શુદ્ધ અખંડ અક્ષત ગ્રહી, નંદાવર્ત્ત વિશાળ,
પૂરી પ્રભુ સન્મુખ રહો, ટાળી સકળ જંજાળ
ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય...અક્ષતં યજામહે સ્વાહા.

### સાથિયો કરતાં બોલવું

અક્ષત પૂજા કરતાં થકા, સફળ કરું અવતાર,
ફળ માગું પ્રભુ આગળે, તાર તાર મુજ તાર.



સાંસારિક ફળ માંગીને, રવડ્યો બહુ સંસાર,
અષ્ટકર્મ નિવારવા, માંગુ મોક્ષફળ સાર,
ચિહું ગતિ ભ્રમણ સંસારમાં, જન્મ મરણ જંજાળ,
પંચમગતિ વિણ જીવને, સુખ નહિ ત્રિહુંકાળ.

### ત્રણ ઢગલી તથા સિદ્ધશિલા કરતાં બોલવું

દર્શન જ્ઞાન ચારિત્રના, આરાધનથી સાર,
સિદ્ધશિલાની ઉપરે, હો મુજ વાસ શ્રીકાર.

૭. નૈવેદ્યપૂજા : અણાહારી પદ મેં કર્યાં, વિગ્ગહગઈઅ અનંત,
દૂર કરી તે દીજીયે અણાહારી શિવ સંત.
ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય...નૈવેદ્યં યજામહે સ્વાહા.

૮. ફળપૂજા : ઈન્દ્રાદિક પૂજા ભણી, ફળ લાવે ધરી રાગ,
પુરુષોત્તમ પુજી કરી માંગે શિવફળ ત્યાગ
ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય...ફલં યજામહે સ્વાહા.

### ચામર પૂજા કરતી વખતે બોલવું

૧. બે બાજુ ચામર ઢાળે, એક આગળ વજ્ર ઉલાળે
જઈ મેરુ ધરી ઉત્સંગે, ઈન્દ્ર ચોસઠ મળીઆ રંગે
પ્રભુ પાર્શ્વનું મુખડું જોવા, ભવોભવના પાતિક ખોવા.

૨. જિનજી ચામર કેરી હાર ચલંતી એમ કહે રે લોલ
માહરા નાથજી રે લોલ.
જિનજી જે નમે અમ પરે તે ભવિ ઊર્ધ્વગતિ લહે રે લોલ
માહરા નાથજી રે લોલ.

[નિસીહિ (૩) બોલી સમય હોય તો 'ઈરિયાવહી' કરી ૩ ખમાસમણા આપી મોટુ ચૈત્યવંદન કરવું. પછી છેલ્લે ખમાસમણાની મુદ્રામાં પ્રભુનાં ખોળામાં માથુ મૂકયાની મુદ્રામાં]

**ઓ અરિહંત ! મિચ્છામિ દુક્કડમ્**

## આરતી

જય જય આરતી આદિ જીણંદા,
નાભિરાયા મરુદેવી કો નંદા.
પહેલી આરતી પૂજા કીજે,
નરભવ પામીને લ્હાવો લીજે...જય જય.
દૂસરી આરતી દીન દયાળા,
ધૂળેવા મંડપમાં જગ અજવાળા...જય જય.
તીસરી આરતી ત્રિભુવન દેવા,
સુરનર ઈન્દ્ર કરે તોરી સેવા...જય જય.
ચોથી આરતી ચઉગતી ચૂરે,
મનવાંછિત ફળ શિવસુખ પૂરે...જય જય.
પંચમી આરતી પુન્ય ઉપાયો,
મૂળચંદે ઋષભ ગુણ ગાયો...જય જય.

## મંગલ દીવો

દીવો રે દીવો પ્રભુ મંગલિક દીવો,
આરતી ઉતારણ બહુ ચિરંજીવો દીવો રે.
સોહમને ઘેર પર્વ દિવાળી,
અંબર ખેલે અમરા બાળી દીવો રે.
દીપાળ ભણે એણે કુળ અજવાળી,
ભાવે ભગતે વિઘન નિવારી દીવો રે.
દીપાળ ભણે એણે એ કલિકાળે,
આરતી ઉતારી રાજા કુમારપાળે દીવો રે.
અમ ઘેર મંગલિક, તુમ ઘેર મંગલિક
મંગલિક ચતુર્વિધ સંઘને હોજો દીવો રે.